જા.નં.એસ.એન.જી.ઓ./કોમ્યુનીટીપ્રોસેસ/ટી.ઓ.ટી./ /૧૭
બીજો માળ,બ્લોક નં.૫, કમિશ્નરશ્રી,આરોગ્ય,તબીબી સેવાઓ,તબીબી શિક્ષણ અને તબીબી સંશોધનની કચેરી (આ.વિ.) ડો.જીવરાજ મહેતા ભવન,
જુના સચિવાલય, ગાંધીનગર
તા.01 /08/2017. 09

પ્રતિ,
વિભાગીય નાયબ નિયામકશ્રી,
આરોગ્ય અને તબીબી સેવાઓ,
સુરત

વિષય:- નેશનલ હેલ્થ મિશન અંતર્ગત "કોમ્યુનીટી એકશન ફોર હેલ્થ" કાર્યક્રમના હાઇ પ્રાયોરીટી તાલુકામાં અમલીકરણ માટે બે દિવસીય તાલીમ કમ વર્કશોપનું આયોજન કરવા બાબત.

ઉપરોકત વિષયે આપશ્રીને જણાવવાનું કે નેશનલ હેલ્થ મિશન, બજેટ લાઇન B.15.1 "કોમ્યુનીટી એકશન ફોર હેલ્થ" કાર્યક્રમ, વર્ષ 2017-18 અંતર્ગત સુરત વિભાગીય કક્ષાએથી સુરત ઝોનના 13 હાઇ પ્રાયોરીટી તાલુકાઓમાં "કોમ્યુનીટી એકશન ફોર હેલ્થ" ના કાર્યક્રમની વિવિધ પ્રવુત્તિઓ માટે તાલીમાર્થીઓ તૈયાર કરવા માટે બે દિવસના તાલીમ કમ વર્કશોપનું તા.13-14th September 2017 ના રોજ આયોજન કરવાનું થાય છે. આ તાલીમ કમ વર્કશોપનું આયોજન સુરત વિ.ના.નિયામકશ્રીની કચેરી દ્વારા કરવાનું રહેશે અને સ્થળ નક્કી કરી અત્રેની કચેરીને રાજય કક્ષાએ જાણ કરવાની રહેશે.

આ તાલીમ કમ વર્કશોપ માટે નીચે મુજબ હાઇ પ્રાયોરીટી તાલુકાના તાલુકા હેલ્થ ઓફિસરશ્રી, હાઇ પ્રાયોરીટી તાલુકા સંલગ્ન જિલ્લાના ડિસ્ટ્રીકટ પ્રોગ્રામ કો-ઓર્ડિનેટરશ્રી અને ડેટા આસીસ્ટન્ટ (એ.આર.સી.-આશાની કામગીરી સંભાળતા) ને ઉકત બે દિવસની ટી.ઓ.ટી. આપવાની થાય છે.

| વિભાગનું નામ | હાઇ પ્રાયોરીટી તાલુકાના ટી.એચ.ઓ.શ્રી | હાઇ પ્રાયોરીટી તાલુકાના ડી.પી.સી. | હાઇ પ્રાયોરીટી તાલુકાના ડેટા આસી. | કુલ |
|---|---|---|---|---|
| સુરત ઝોન | 13 | 05 | 05 | 23 |

ઉકત તાલીમ કમ વર્કશોપ માટે આ સાથે બિડાણમાં નીચે મુજબના જરૂરી પત્રકો સામેલ રાખેલ છે.
પત્રક 1 - હાઇ પ્રાયોરીટી તાલુકાનું લિસ્ટ
પત્રક 2 - તાલીમ કમ વર્કશોપ માટેનું અંદાજિત બજેટ એનેક્ષર.
પત્રક 3 - બે દિવસીય તાલીમનો એજન્ડા.
પત્રક 4 - તાલીમ કમ વર્કશોપનું બેનર.

ઉકત વર્કશોપ માટે જરૂરી હોલની સુવિધા, તાલીમાર્થી અને ટ્રેનર માટે રહેવા- જમવાની વ્યવસ્થા તથા અન્ય આવશ્યક સપોર્ટ આર.પી.એમ.યુ. સુરત મારફતે પુરો પાડવાનો રહેશે. ઉકત તાલીમમાં ઉપર ટેબલમાં દર્શાવ્યા મુજબના અધિકારી/કર્મચારીશ્રીઓને બિનચૂક હાજર રાખવાના આપની કક્ષાએથી આદેશ કરવાના રહેશે. પત્રક ૨ માં સામેલ મંજુર બજેટની મર્યાદામાં આર.પી.એમ.યુ. ખાતે ઉપલબ્ધ ગ્રાન્ટમાંથી હાલ ખર્ચ કરવાનો રહેશે, જે રાજય

કક્ષાએથી ઉકત તાલીમ કમ વર્કશોપ પુરો થયા બાદ યુ.ટી.સી. મેળવી ગ્રાન્ટ સરભર કરી આપવામાં આવશે. આ તાલીમ કમ વર્કશોપનો એજન્ડા આ સાથે પત્રક ૩ માં સામેલ રાખેલ છે, જેમાં બીજા દિવસના એજન્ડા મુજબ વર્કશોપની સ્થળની નજીકના એક ગામ, એક પેટા આ.કેન્દ્ર અને એક પ્રા.આ.કેન્દ્ર ખાતે તાલીમાર્થીઓને ફિલ્ડ તાલીમ આપવાની હોઇ તાલીમાર્થીઓને લાવવા-લઇ જવા માટે જરૂરી વાહનની વ્યવસ્થા કરવાની રહેશે. નકકી કરેલ ગામમાં ગ્રામ સંજીવની સમિતિના સભ્યો,નકકી કરેલ પ્રા.આ.કેન્દ્રના રોગી કલ્યાણ સમિતિના સભ્યો ફિલ્ડ વિઝિટના દિવસે હાજર રહે તે બાબતે અગાઉથી સુચના આપવાની રહેશે.

નોંધ:- તાલુકાના પ્રતિનિધિત્વ માટે તાલુકા હેલ્થ ઓફિસરશ્રી ઉપલબ્ધ થઇ શકે તેમ ન હોય તો તાલુકાના કોઇ એક સિનિયર આયુષ મે.ઓ.શ્રીને ઉકત તાલીમ કમ વર્કશોપ માટે મોકલવાના રહેશે. ડી.પી.સી./ડેટા આસીસ્ટન્ટ (આશા કાર્યક્રમ) ની જગ્યા ભરેલ ન હોય તો અન્ય ચાર્જ સંભાળતી વ્યક્તિને ઉકત તાલીમમાં મોકલી આપવા આદેશમાં બિનચુક ઉલ્લેખ કરવાનો રહેશે.

બિડાણ:- પત્રક 1,2,3 અને 4.

અધિક નિયામક (પ.ક.)
આરોગ્ય અને તબીબી સેવાઓ (આ.વિ.)
ગાંધીનગર

નકલ રવાના જાણ વ જરૂરી કાર્યવાહી સારૂ:- .

- મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, જિલ્લા પંચાયત ડાંગ,નવસારી,સુરત, તાપી અને વલસાડ ..... વિ.ના.નિ.શ્રી સુરતનો આદેશ થયે સંબંધિત તાલીમાર્થીઓને તાલીમમાં મોકલવા સબબ....

નકલ સવિનય રવાના જાણ સારૂ:-

- પી.એસ.ટુ કમિશ્નરશ્રી (આ.) , મજકુર કચેરી, ગાંધીનગર.
- પી.એ. ટુ મિશન ડાયરેકટર, એન.એચ.એમ., મજકુર કચેરી, ગાંધીનગર.
- અધિક નિયામકશ્રી (આરોગ્ય), મજકુર કચેરી, ગાંધીનગર.
- સીનીયર કન્સલ્ટન્ટશ્રી, એસ.પી.એમ.યુ. ગાંધીનગર